Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-12, Issue-1, June-2018

# ઈ.સ.૧૮૫૭નો સ્વાતંત્ર્ય સંગ્રામ અને ચરોતર

ડૉ. મૌલેશકુમાર જે. પંડ્યા

ઇતિહાસ વિભાગ, એન.એસ.પટેલ આર્ટ્સ કૉલેજ,આણંદ. મો:- ૯૮૨૫૭૪૮૮૦૬

**ABSTRACT**

ઈ.સ.૧૮૫૭નો ભારતીય સંગ્રામ રાષ્ટ્ર વ્યાપી બન્યો હતો. ઈ.સ.૧૮૫૭માં ગુજરાતમાં ચરોતર પ્રદેશમાં પણ કેટલીક નોંધપાત્ર ઐતિહાસિક ઘટનાઓ બની હતી, જેમાં સ્થાનિક લોકોનું વિશેષ યોગદાન રહયું હતું. ગુજરાતમાં કાઠી, કોળી, ભીલ, ધારાળા, નાયકડા, ઠાકોરો વગેરે જાતિઓએ તથા સાધુઓ, ફકીરો અને મૌલવીઓએ આ સંગ્રામમાં અગત્યની ભૂમિકા અદા કરી હતી ગુજરાતમાંથી અંગ્રેજો અને મહારાજા ખંડેરાવ ગાયકવાડની સત્તા ઊથલાવી દેવાના ગુપ્ત પ્રયત્નો ગોવિંદરાવ ગાયકવાડે ( બાપુ ગાયકવાડે ) કર્યા હતા. ચરોતરપ્રદેશમાં આણંદ, ખેરડા, પ્રતાપપુરા, ખાનપુર, કરમસદ, ખોરવાડ, સામરખા, સારસા, હાડગુડ, નડિયાદ, ડાકોર, ઉમેટા, દાઈમાં વગેરે ગામોમાં ઈ.સ.૧૮૫૭માં નોધપાત્ર બનાવો બન્યા હતાં.

આણંદના મુખી ગરબડદાસ હરિદાસ અને ખાનપુરના ઠાકોર જીવાભાઇએ ઈ.સ.૧૮૫૭ના સંગ્રામમાં નેતૃત્વ કર્યું હતું. તેમણે કોળી, ભીલ, નાયકડા, સિબન્દી વગેરે મળીને આશરે ૨૦૦૦ જેટલા સશસ્ત્ર લોકો એકઠાં કર્યા અને ખેડા, નડિયાદ, આણંદના પ્રદેશોમાં આવેલ બ્રિટિશ થાણા પર હુમલા કર્યા આથી બ્રિટિશ લશ્કરે વડોદરાથી તાબડતોબ આણંદ પહોચી માર્ગમાં ગામડાઓને લૂંટયા અને લોકોને ફાંસીએ લટકાવ્યા તો ઘણાને જેલમાં પૂરી આ સંગ્રામને કચડી નાખ્યો હતો. મુખી ગરબડદાસે માલાજી જોશી, બાપુજી પટેલ, કૃષ્ણરામ દવે, દાદાભાઈ પટેલ, આહજી પગી તથા બીજા પટેલો અને ગોસાઇઓ મળીને એક "ગૃહરક્ષક દળ"ની સ્થાપના કરી હતી. અને અંગ્રેજ લશ્કરને હેરાન પરેશાન કરી મૂક્યું હતું.. આથી ગોરા સૈનિકો નાસી ગયા હતા આમ પોતાનો રોષ તથા પોતાની ખુમારી અને માતૃભૂમિનો પ્રેમ દર્શાવ્યો હતો સારસા અને ખંભોળજ વચ્ચે મુખી ગરબડદાસ અને તેમના સાથીદારો માલાજી, બાપુજી વગેરેનો અંગ્રેજ સૈન્ય સાથે સંઘર્ષ થયો હતો. તેમાં મુખી ગરબડદાસ સિવાયના તેમના સાથીઓને ત્યાં વડ પર ફાંસીએ લટકાવીને મારી નાખ્યાં હતા. ખાનપુરના ઠાકોર જીવાભાઇએ મુખી ગરબડદાસના સહકારથી મહિનાઓ સુધી મહીકાંઠા અને ખેડા જિલ્લાઓમાં અંગ્રેજો સામે સંગ્રામ ખેલ્યો હતો. આ વિસ્તારના ગામલોકોએ અંગ્રેજોને પડકારી સામનો કરી સ્વદેશપ્રેમ તથા વીરતાના દર્શન કરાવ્યા હતા.

આમ, ઉપરોક્ત બનાવોની નોંધો જોતાં કહી શકાય કે ચરોતર પ્રદેશમાં અંગ્રેજો સામે ઘેરો અસંતોષ હતો. ઇ.સ.૧૮૫૭માં જે રાષ્ટ્ર વ્યાપી સંગ્રામ ખેલાયો તેના રંગે ગુજરાત પણ રંગાયું હતું. અને ચરોતર પ્રદેશમાં સ્થાનિક લોકોએ અંગ્રેજોનો મક્કમતાપૂર્વક સામનો કરી

પોતાની સ્વદેશભાવના દર્શાવી હતી.

ભારતીયો પ્રથમથીજ અંગ્રેજો સામે અનેક પડકારો કરતા રહ્યાં હતા. ઈ.સ.૧૮૫૭નો ભારતીય સંગ્રામ રાષ્ટ્ર વ્યાપી બન્યો હતો. ઈ.સ.૧૮૫૭ થી અંગ્રેજોનું મધ્યગુજરાતનાં ચરોતર વિસ્તારમાં સંપૂર્ણ પ્રભુત્વ સ્થપાતા આ પ્રદેશના આધુનિક ઇતિહાસનો પ્રારંભ થયો હતો. ઈ.સ.૧૮૫૭માં ગુજરાતમાં ચરોતર પ્રદેશમાં પણ કેટલીક નોંધપાત્ર ઐતિહાસિક ઘટનાઓ બની હતી, જેમાં સ્થાનિક લોકોનું વિશેષ યોગદાન રહયું હતું.

જે ભારતીય પરિબળો ઈ.સ.૧૮૫૭ના ઉત્થાન માટે કારણરૂપ હતા તે પરિબળો ઉપરાંત ડેલ્હાઉસીની બિનદસ્તાવેજી જમીનો જપ્ત કરવા માટેની કામગીરી, મીઠા પર ગાયનું લોહી છાંટવાની અફવા, ગ્વાલિયરની રાણી બૈઝાબાઈની અંગ્રેજો પ્રત્યે નફરત અને વર્તમાનપત્રો વગેરેએ ગુજરાતમાં સંગ્રામને પ્રેર્યો હતો. ગુજરાતમાં કાઠી, કોળી, ભીલ, ધારાળા, નાયકડા, ઠાકોરો વગેરે જાતિઓએ તથા સાધુઓ, ફકીરો અને મૌલવીઓએ આ સંગ્રામમાં અગત્યની ભૂમિકા અદા કરી હતી. ઈન્દોર, મ્હાવ તથા ધારના બંડોએ ચરોતર પ્રદેશમાં ઈ.સ.૧૮૫૭ના બનેલા બનાવો પર ઊંડી અસર કરી હતી.

ગુજરાતમાંથી અંગ્રેજો અને મહારાજા ખંડેરાવ ગાયકવાડની સત્તા ઊથલાવી દેવાના ગુપ્ત પ્રયત્નો ગોવિંદરાવ ગાયકવાડે ( બાપુ ગાયકવાડે ) કર્યા હતા. જેમાં અન્યો સાથે ચરોતર પ્રદેશના પટેલોને સોંપાયેલ કામગીરી તેઓએ ઉત્તમ રીતે પૂર્ણ કરી હતી. આ સંગ્રામમાં આયોજકોએ પોતાના દળો સાથે ૧૬મી ઓક્ટોબર ૧૮૫૭ને ધનતેરસે વડોદરા કબજે કરવા યોજના કરી હતી, પરંતુ એક બંડખોરે આ ગુપ્ત યોજનાની ખંડેરાવ મારફતે બ્રિટિશરોને જાણ કરી દીધી, આથી ખેડાના મેજિસ્ટ્રેટ આશબર્નરે અને રેવાકાંઠાના પોલિટિકલ એજન્ટ બકલેએ મહીકાંઠાના બંડખોરો પર લશ્કરી હુમલો કર્યો હતો. જેમાં મોટાભાગના બંડખોરો પકડાઈ ગયા હતા. જેમાં ૧૦ને તોપને ગોળે ઉડાવ્યા અને ૯ને જીવનભર દેશનિકાલ કરાયો, જ્યારે કેટલાક નાસી છૂટ્યા હતા. ગોવિંદરાવને વડોદરાની જેલમાં રખાયા તથા ચરોતરના પ્રતાપપુર અને અંગર ગામોનો આ કાવતરામાં ભગલેવા માટે તથા બંડખોરોને આશ્રય આપવા બદલ સંપૂર્ણ નાશ કરાયો હતો. ચરોતરપ્રદેશમાં આણંદ, ખેરડા, પ્રતાપપુરા, ખાનપુર, કરમસદ, ખોરવાડ, સામરખા, સારસા, હાડગુડ, નડિયાદ, ડાકોર, ઉમેટા, દાઈમાં વગેરે ગામોમાં ઈ.સ.૧૮૫૭માં નોધપાત્ર બનાવો બન્યા હતાં.

આણંદના મુખી ગરબડદાસ હરિદાસ અને ખાનપુરના ઠાકોર જીવાભાઇએ ઈ.સ.૧૮૫૭ના સંગ્રામમાં નેતૃત્વ કર્યું હતું. મુખી ગરબડદાસ તેજસ્વી અને બહાદુર હતા. મોટી મુછો, લીંબુની ફાડ જેવી ચમકતી આંખો, ઊંચું ખડતલ કદાવર શરીર, માથે ચરોતરી પાઘડી, કાનમાં સોનાની મરચી પહેરતા ગરબડદાસ મુખીની ચરોતર પંથકમાં માથાભારે અને બહારવટું ખેડતા લોકોમાં ભારે ધાક હતી. આ મુખી ગરબડદાસે ઈ.સ.૧૮૫૭ના સંગ્રામમાં મહત્વની ભૂમિકા અદા કરી હતી. તેમણે કોળી, ભીલ, નાયકડા, સિબન્દી વગેરે મળીને આશરે ૨૦૦૦ જેટલા સશસ્ત્ર લોકો એકઠાં કર્યા અને ખેડા, નડિયાદ, આણંદના પ્રદેશોમાં આવેલ બ્રિટિશ થાણા પર હુમલા કર્યા આથી

બ્રિટિશ લશ્કર વડોદરાથી તાબડતોબ આ સંગ્રામખોરોને કચડી નાખવા દોડી આવ્યું. આ અંગ્રેજ લશ્કરે આણંદમાં પહોચતા માર્ગમાં ગામડાઓને લૂંટયા અને લોકોને ફાંસીએ લટકાવ્યા તો ઘણાને જેલમાં પૂર્યા, આમ આ સંગ્રામને કચડી નાખી ઠાકોર જીવાભાઇની ધરપકડ કરાઇ અને તેઓને ફાંસીની સજા કરી હતી.

મુખી ગરબડદાસે માલાજી જોશી, બાપુજી પટેલ, કૃષ્ણરામ દવે, દાદાભાઈ પટેલ, આહજી પગી તથા બીજા પટેલો અને ગોસાઇઓ મળીને એક "ગૃહરક્ષક દળ"ની સ્થાપના કરી હતી. મુખી ગરબડદાસ અને તેમના સાથીદારોએ અંગ્રેજ લશ્કરને હેરાન પરેશાન કરી મૂક્યું હતું. તેમણે આણંદની લોટિયાભાગોળે પડાવ નાખીને પડેલા બ્રિટિશ લશ્કર પર મધ્યરાત્રીએ છાપો મારી હથિયારો લૂંટી લીધા હતા. અને ગોરા સૈનિકોનાં ખોરાક માટેની ગાયોને છૂટી મૂકી દીધી હતી. અંગ્રેજ લશ્કરના તંબુઓમાં આગ લગાડી હતી. આમ તેમને પોતાનો રોષ તથા પોતાની ખુમારી અને માતૃભૂમિનો પ્રેમ દર્શાવ્યો હતો. આથી ગોરા સૈનિકો નાસી ગયા હતા, પરંતુ કેટલાક દેશદ્રોહીઓની બાતમીથી ગરબડદાસના સાથીઓને ખાનપુરમાંથી પકડી પાડવામાં આવ્યા અને તેમને તોપના ગોળે ઉડાડી દેવામાં આવ્યા હતા. અંગ્રેજ સૈનિકોની ગોળીઓનો સામનો તેઓએ મકાનો તથા ઝાડની ઓથે રહી પત્થરોનો વરસાદ કરી કર્યો હતો. પરંતુ મુખી ગરબડદાસ અને તેમના સાથીદારોનો મહીના કોતરો સુધી અંગ્રેજ ટુકડીએ પીછો કર્યો હતો. અંગ્રેજોને તેઓની બીજી ટુકડીની મદદ મળી ગઈ અને મુખી ગરબડદાસને મહીકાંઠાના જીવાભાઇ ઠાકોરની મદદ મળતી બંધ થઈ ગઈ હતી. છતાં તેમણે હિંમતપૂર્વક છાપામાર લડાઈ ચાલુ રાખી હતી. મૂળજી જોશી જેવા સાથીદારો હોવાથી ખેડાની અંગ્રેજ છાવણી તેમણે લૂંટી લીધી હતી. આથી ગરબડ મુખીને પકડવા છાવણીના વડાએ મોટી રકમનું ઈનામ પણ જાહેર કર્યું હતું.

મીંઢળ બંધા મુખી ગરબડદાસને પકડવા આવેલા અંગ્રેજ સૈનિકો સાથેની ગોળીઓની રમઝટમા મુખીની ગોળીથી એક ગોરો સૈનિક વીંધાઇ ગયો હતો. અને અંગ્રેજોની ગોળીઓથી વીંધાયેલો મૂલજી ગાડાનો આધારલઈ ગોળીઓ છોડતો હતો ત્યારે આવી સ્થિતિમાં મૂલજીને ટેકો આપવા આવેલા મુખી ગરબડદાસને અંગ્રેજ સૈનિકોએ પકડી લીધા અને મૂલજી જોશી સદાને માટે ત્યાંજ ઢળી પડ્યા હતા. મુખીને જીવનભર અંદામાન ટાપુ પર મોકલી દઈ દેશ નિકાલની સજા કરાઇ હતી. જ્યાં પાછળથી તેઓ અવસાન પામ્યા હતા.

મુખી ગરબડદાસના પત્ની લાલબા પતિને સજા માંથી મુક્ત કરાવવા હિંમતપૂર્વક મુંબઇ અંગ્રેજ ગવર્નરના ઘરે પહોચ્યા હતા. લાલબાની હિંમત, પતિપરાયણતા, દેશદાઝ અને સહનશીલતા વી. જોઈ ગવર્નરે લાલબાને આસ્વાસ્વાંસન આપી મુખીને મુક્ત કરવાનું વચન આપ્યું હતું. લાલબા આનંદ સાથે આણંદ પરત આવ્યા હતા. પરંતુ મુખી ગરબડદાસને મુક્ત કરતો ગવર્નરનો હુકમ અંદામાનના જેલરને મળ્યો તે પહેલાજ મુખી ગરબડદાસે દેહ ત્યાગ કરી લીધો હતો.આ સમાચાર લાલબાને કોણ કહે ? લાલબાતો જીવનભર મુખીની રાહ જોતાંજ રહ્યા હતાં.

સારસા અને ખંભોળજ વચ્ચે એક ઊંડી નળી એટલેકે ઊંડો કાચો માર્ગ હતો ત્યાં મુખી ગરબડદાસ અને તેમના સાથીદારો માલાજી, બાપુજી વગેરેનો અંગ્રેજ સૈન્ય સાથે સંઘર્ષ થયો હતો. તેમાં મુખી ગરબડદાસ અને તેમના સાથીઓની ધરપકડ થઈ પરંતુ મુખી ગરબડદાસ સિવાયના તેમના સાથીઓને ત્યાં વડ પર ફાંસીએ લટકાવીને મારી નાખ્યાં હતા. ડાકોરની આસપાસના ગામો સૂરજમલે અને સારસાથી ૨ કી.મી. અંતરે આવેલા ખાનપુરના ઠાકોર જીવાભાઈએ નજીકના ગામો જીતી લઈ અંગ્રેજ સત્તાનો પ્રતિકાર કર્યો હતો. આમ શક્ય છે કે ત્યાં વડ પર  અંગ્રેજ સરકારે સંગ્રામવાદીઓને ફાંસી આપી હોય. આથી તે વડ ને 'ફાંસિયા વડ' તરીકે ઓળખવામાં આવતો હતો.

ચરોતર પ્રદેશમાં વધારે તાલુકદારો અને જાગીરદારો હતા.તેઓને પોતાના રાજાઓ તથા અંગ્રેજો સામે ઘેરો અસંતોષ હતો. ખાનપુરના ઠાકોર જીવાભાઇએ મુખી ગરબડદાસના સહકારથી ઇ.સ.૧૮૫૭ના સંગ્રામમાં સૌ પ્રથમ ઝુકાવ્યું હતું. અન્ય સાથીદારો સાથે તેમણે મહિનાઓ સુધી મહીકાંઠા અને ખેડા જિલ્લાઓમાં અંગ્રેજો સામે સંગ્રામ ખેલ્યો હતો. સંગ્રામવીરોએ મહીની કોતરોમાં એકઠા થઈ વડોદરા જીતવાની યોજના બનાવી હતી. જેની જાણ વડોદરાના રેસિડેંટને તેમના માંના એકે કરી દેતા અંગ્રેજો સંગ્રામખોરોને પકડવા આક્રમક બન્યા અને ખાનપુર પાસે આવેલા પ્રતાપપુરા અને અંગાર ગામે અંગ્રેજોનો સામનો કર્યો અંતે અંગ્રેજોએ ઓક્ટોબર, ૧૮૫૭માં આ બંને ગામોનો સંપૂર્ણ નાશ કર્યો તથા ખાનપુર, પ્રતાપપુરા અને અંગારના વીરોને પણ તોપના ગોળે ઉડાડયા હતા. કેપ્ટન બકલે ખાનપુરનો પણ નાશ કર્યો હતો. આ વિસ્તારના ગામલોકોએ અંગ્રેજોને પડકારી સામનો કરી સ્વદેશપ્રેમ તથા વીરતાના દર્શન કરાવ્યા હતા.

ખેરડાના રાયસિંહજીએ ઇ.સ. ૧૮૫૭ના સંગ્રામ સમયે બ્રિટિશ સરકારને મદદ કરી હતી. આથી કલેકટરે તેમને હથિયાર વાપરવાની છૂટનો પરવાનો આપ્યો હતો. પરંતુ આ સંગ્રામમાં કોળી પટેલો અને મહીકાંઠાના ઠાકોરોએ અંગ્રેજો સામે ઝંપલાવ્યું હતું. ખેરડાના અસંતુષ્ટ લોકોએ પણ અંગ્રેજ સત્તાનો બહિષ્કાર  કર્યો હતો. પરંતુ તેઓ ટકી શક્યા નહીં. તેમાંના પકડાયેલાઓને દેશ નિકાલ, ફાંસી અને કેદની સજા કરવામાં આવી હતી. આ ગામના ઠાકોરો અને લોકોએ આ સંગ્રામમાં ઝંપલાવી અંગ્રેજોનો રોષ વહોરી લીધો હતો.

મહીકાંઠાના કોળી ઠાકોરોને અંગ્રેજો વિરુધ્ધ સંગ્રામમાં નિષ્ફળતા મળતા વેરાવાસદ મુકામે તેમના પર કામ ચલાવી કોટવાળ રઘુનાથને ખેરડાના ઠાકોર જેસંગબાપા અને ખોરવાડના ઠાકોર પથિભાઈને દેશનિકાલની સજા કરવાનો હુકમ ફરમાવ્યો હતો.

કરમસદના લોકોએ ઇ.સ.૧૮૫૭ના સંગ્રામમાં અંગ્રેજો સામે હથિયાર ઉગામ્યા હતા. ભારતની આઝાદીના લડવૈયા સરદાર વલ્લભભાઈના પટેલના પિતાશ્રી ઝવેરભાઈ પટેલને ઈંદોરના હોલ્કરે બોલાવ્યા હતા અને તે ઝાંસીની રાણીના લશ્કર સાથે રહીને લડ્યા હતા. આવો ઉલ્લેખ સરદાર પટેલના ચરિત્રકારે કરેલ છે.

હાડગુડના મુસલમાન સૈયદોએ આ સંગ્રામમાં અંગ્રેજો સામે હથિયાર ઉગામ્યા પરંતુ દેશના અન્ય ભાગોમાં બન્યું હતું તેમ લોકોએ અંગ્રેજોની શરણાગતિ સ્વીકારી લીધી હતી. તથા અંગ્રેજ સરકાર આ સંગ્રામમાં જોડાયેલા લોકોની તપાસ કરશે તે બીકે તેઓએ પોતાના શસ્ત્રો હાડગુડમાં 'ખંડિઓ કૂવો' છે તેમાં નાખી દીધા હશે તેમ કૂવો ઊંડો ખોદતાં મળી આવેલા શસ્ત્રો તલવાર, ઢાલ તેમજ કટાઈ ગયેલું લોખંડ અને પત્થરની મોટી શિલા વગેરે પરથી માની શકાય.

સામરખાના સંત કવિ, ભાવનગરના મહારાજા જસવંતસિંહના મુસાહિબ અને દેવગઢબારીયાના મહારાજા દીવાન કહાનદાસ કેસરજી મહેડુને ઇ.સ.૧૮૫૭માં બળવાખોરોને મદદ કરવા બદલ પકડવામાં આવેલા પરંતુ તેમણે કોઇ રીતે જેલમાં બેડીઓ તોડી નાખતાં ખુશ થઈને મુક્ત કર્યા હતા.

ડાકોરના નેતા સૂરજમલે કેપ્ટન બકલેની ડાકોરની હદ ઓળંગવાની મનાઈ હોવા છતાં લુણાવાડા મેળવવા આક્રમણ કર્યું હતું. પાલનો ચારણ જમીનદાર કાનદાસે તેને સાથ આપ્યો હતો. આથી લુણાવાડાના રાજાએ અંગ્રેજોની મદદ માંગતા મેજર એન્ડ્રૂઝ અને એશબર્નરે લશ્કર લઈ હુમલો કરી પાલ ગામને ભડકે બાળી વિનાશ સર્જ્યો હતો. તેમના હાથે કાનદાસ પકડાયો પણ સૂરજમલ હાથ લાગ્યો ન હતો. આમ અંગ્રેજો પોતાના વિરોધીઓને આશ્રય ના મળે તે માટે આખા ગામને બાળી મૂકી વિનાશ સર્જતા હતા.

અંગ્રેજ રિચાર્ડ સેક્સપિયરને ગુજરાતમાં નિ:શસ્ત્રીકરણ માટે મુંબઇ સરકારે તા.૧૭/૨/૧૮૫૮ના પત્રથી અધિકાર આપતા, ખેડા જિલ્લાના ન્યાયાલયે પ્રત્યેક નગર અને ગામને નિ:શસ્ત્રીકરણ કરવા માટે તમામ પ્રકારના હથિયારો ૪૮ કલાકમાં જમા કરાવવા માટેનો આદેશ બહાર પડ્યો હતો. ખંભાતના નવાબને પણ નિ:શસ્ત્રીકરણના પગલાં લેવા માટે આદેશ અપાયો હતો. પરંતુ નવાબે તે પગલાં લેવાનો ઇનકાર કરતાં રેસિડેન્ટ સેક્સપિયરે ધમકી આપીકે " જો નવાબ ખેડામાં બ્રિટિશરોને સહકાર નહીં આપે તો બ્રિટિશસેના ખંભાત પર આક્રમણ કરશે આથી નવાબે નમતું મૂક્યું હતું. બાલાશિનોર, વિરપુર અને પેટલાદ તેમજ ખેડા જીલ્લાના ૫૫૮ ગામડા માંથી ૧૯૫૮૨ શસ્ત્રો જપ્ત કરવામાં આવ્યા હતા. વડતાલ મંદિરના સત્તાધીશોએ ૧૧૨ તલવાર, ૩૮ બંદૂકો વગેરે હથિયારો જમા કરાવ્યા હતા.

કપડવણજના બાબા વનમાળીદાસ ઇ.સ.૧૮૫૭ના સંગ્રામના વીર સૈનિક હતા. આ મહંત સંગ્રામને નિષ્ફળતા મળતા ભૂગર્ભમાં ચાલ્યા ગયા હતાં અને જટાધારી બની પ્રભુના ચરણોમાં જીવન સમર્પિત કરેલ હતું. તેઓની સમાધિ કપડવંજમાં આવેલી છે.

આમ, ઉપરોક્ત બનાવોની નોંધો જોતાં કહી શકાય કે ઇ.સ.૧૮૫૭માં જે રાષ્ટ્ર વ્યાપી સંગ્રામ ખેલાયો તેના રંગે ગુજરાત પણ રંગાયું હતું. અને ચરોતર પ્રદેશમાં સ્થાનિક લોકોએ અંગ્રેજોનો મક્કમતાપૂર્વક સામનો કરી પોતાની સ્વદેશભાવના દર્શાવી હતી. ચરોતરપ્રદેશમાં ઇ.સ.૧૮૫૭માં બનેલી ઘટનાઓના જે સંકેતો પ્રાપ્ત થયાં છે તેમાં ઊંડા સંશોધનો હાથ ધરવામાં આવેતો ચરોતર પ્રદેશનો ઇ.સ.૧૮૫૭ના ગાળાનો વિસ્તૃત ઇતિહાસ પ્રાપ્ત થઈ શકે છે.

**: સંદર્ભ સૂચિ :**


(1) Dharaiya R.K. : 'Gujarat in 1857', Gujarat University,1970

(2) Sikari S.L.: 'Rise & Fulfillment of Indian National Movement', S.Nagin & Co.

(3) रॉबर्ट्स पी. ई.: ' ब्रिटिशकालीन भारत का इतिहास ', एस चन्द एण्ड कंपनी, दिल्ही

(4) શાસ્ત્રી ડૉ. હરિપ્રસાદ ગં. : 'ઇતિહાસની આરસીમાં ચરોતરનું પ્રતિબિંબ', ચરોતર સાહિત્ય પરિષદ,આણંદ,૧૮૮૯

(5) પંડ્યા વિષ્ણુ : 'ભારતમાં અંગ્રેજી રાજ્ય', સમાંતર મુદ્રણાલય, અમદાવાદ, ૧૯૮૮

(6) પંડિત સુંદરલાલજી : 'ભારતમાં અંગ્રેજી રાજ્ય', હરભાઈ ત્રિવેદી, ભાવનગર, ૧૯૪૬

(7) દેસાઇ ગોવિંદભાઇ હાથીભાઇ : 'ગુજરાતનો અર્વાચીન ઇતિહાસ', ગુજરાત વર્ણાક્યુલર સોસાયટી,

(8) ધારૈયા ડૉ.રમણલાલ ક. : 'અઢારસો સત્તાવન', ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

(9) સિસોદીયા ડી. એમ. : 'આઝાદીની સુવર્ણજયંતિ વિશેષાંક', ગુજરાત રાજ્ય દફ્તર ખાતું, ગાંધીનગર

(10) ભટ્ટ દોલત : 'મુંબઈમાં મુક્તિ સંગ્રામને મોરચે ગુજરાત',માહિતી નિયામક, સચિવાલય, ગાંધીનગર

(11) પંચાલ જે.કે. :'આણંદ તાલુકો : ઇતિહાસ અને સંસ્કૃતિના પરિપ્રેક્ષ્યમાં એક અભ્યાસ', ગુજરાત વિદ્યાપીઠ,અમદાવાદ, ૧૯૮૮

(12) ભટ્ટ દોલત :'મુક્તિ સંગ્રામને મોરચે મહિલાઓ', માહિતી નિયામક, સચિવાલય, ગાંધીનગર

(13) વૈધ ડો.પી.ડી.:'કપડવણજની ગૌરવ ગાથા',આગમોદ્ધારક ગ્રંથમાળા,કપડવણજ, ૧૯૮૪

(14) શાહ પુરૂષોત્તમ.દ. અને શાહ ચન્દ્રકાન્ત : 'ચરોતર સર્વ સંગ્રહ ભાગ-૧,૨', નડિયાદ, ૧૯૫૪

(15) દેસાઇ શાંતિલાલ મ. : 'રાષ્ટ્રનો સ્વાતંત્ર્ય સંગ્રામ અને ગુજરાત', અમદાવાદ, ૧૯૭૨

(16) રાજગોર શિવપ્રસાદ:'ગુજરાતનો રાજકીય અને સંસ્કૃતિક ઇતિહાસ',અમદાવાદ૧૯૭૪